Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai
*Conducted*
MATUSHREE MANIBEN MANSHI BHIMSHI CHHADVA -DHARMIK SHIKSHAN BOARD – MUMBAI

**૧૨ જાન્યુઆરી ૨૦૨૦** | **શ્રેણી – ૧૫** | **કુલ ગુણ:૧૦૦**

**સમય: સવારે ૯ થી ૧૨** | **મહિલા મંડળ**

**પ્રશ્ન:૧ સામાયિક-પ્રતિક્રમણના આધારે...** **[૧૦]**

**(અ) નીચેના શબ્દોનું માગધી લખો.** **(૨)**

(૧) જાણીજોઈને ઇરાદાપૂર્વક (૨) આકુળ-વ્યાકુળતાથી (૩) લોકમાં દીપક સમાન (૪) કહ્યા છે

**(બ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

(૧) ગરિહામિ (૨) રસ વાણિજ્જે (૩) કુઈએ (૪) જં ખંડિયં (૫) ધમ્મસ્સ (૬) બોહયાણં

**(ક) નીચેનામાં કયા અતિચાર લાગે?** **(૨)**

(૧) મને જમવામાં પાપડ જોઈએ જ.
(૨) પોતે વાપરેલી ટ્રેનની ટિકિટ બીજાને વાપરવા આપી હોય.
(૩) નમો આયરિયાણંને બદલે નમો આરિયાણં બોલ્યા હોય.
(૪) હું નવરાત્રિમાં રોજ માતાજીની આરતી ગાઉં છું.

**(ડ) ૮૪ લાખ જીવાયોનિમાંથી પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વમાં કેટલી અને કઈ કઈ જીવાયોનિ લાભે?** **(૩)**

**પ્રશ્ન:૨ મોટા માંગલિકના આધારે...** **[૫]**

(૧) ગુરુદેવનું શરણું અંગીકાર કરવાથી કેવા બનશું? (૨×૨)
(૨) ગુરુને સમર્પિત થવાથી કયા કર્મની કઈ પ્રકૃતિનો ક્ષય થશે?
(૩) મંગલમય ............... પાર ઉતારે. (૧)

**પ્રશ્ન:૩ પ્રાસ્તાવિક ગાથાઓ તથા ઉત્તરાધ્યયન સૂત્રના આધારે...** **[૪૦]**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૮)**

(૧) દેવનરિંદ ......... (૨) એવં લોએ .......... (૩) ખિપ્પં .......... (૩×૬)

(૪) જે પાવ ........... (૫) મંદા ય .......... (૬) જાઈ ચ ..........

**(બ) નીચેના શબ્દોનું માગધી લખો.** **(૪)**

(૧) પકડાય જાય (૨) તારનારી (૩) વિપુલ (૪) કેળવાયેલો

**(ક) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૪)**

(૧) સાહરણં (૨) અસંકિલિટ્ઠા (૩) અનુગયા (૪) ગહણેણં
(૫) મહોદહિ (૬) સંસિંચ્ચમાણા (૭) સમિચ્ચ (૮) સાસયવાઈયાણં

**(ડ) નીચેના પ્રશ્નના જવાબ આપો.** **(૧૪)**

(૧) પરિમિત સંસારવાળા કોણ થાય છે? તે બતાવતી ગાથા કયા આગમમાં છે? (૨×૭)

(૨) શું શરણરૂપ નથી થતું તે બતાવતી ગાથા લખો.

(૩) બ્રહ્મચર્યનું પાલન કરનારને શું ફળ મળે છે?

(૪) ચાર કષાયનું સ્વરૂપ બતાવતી ગાથા લખો.

(૫) અહિંસાથી જ સમતાની પ્રાપ્તિ થાય છે તે બતાવતી ગાથા લખો.
(૬) પાંચ કામગુણ કયા છે? જિનવચનમાં શંકા કરવાથી શેનો નાશ થાય છે?
(૭) સાધક કોનો વિશ્વાસ કરતા નથી? શા માટે? પ્રમાદ રહિત કોના સમાન વિચારવાનું છે?

**પ્રશ્ન:૪ છ લેશ્યાના આધારે...** **[૧૫]**

**(અ) નીચેના પ્રશ્નના ઉત્તર આપો.** **(૮)**

(૧) મનુષ્યમાં શુક્લ લેશ્યાની અને માહેન્દ્ર દેવલોકના દેવની લેશ્યાની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ લખો. (૨×૪)
(૨) લેશ્યા કેટલા પ્રકારે પરિણમે? કયા કયા? તેના કુલ ભેદ કેટલા?
(૩) તેજો લેશ્યાનો સ્પર્શ અને કૃષ્ણ લેશ્યાનો રસ લખો.
(૪) લેશ્યાના છેલ્લા સમયે શું બને છે? આવતા ભવમાં પ્રાપ્ત થનારી લેશ્યા જીવમાં ક્યારે આવે?

**(બ) નીચેના જીવોમાં કેટલી અને કઈ કઈ લેશ્યા હોય?** **(૪)**

(૧) ગ્રહના દેવમાં (૨) અસંજ્ઞી હાથીમાં (૩) ધૂમ્રપ્રભામાં (૪) સૂર્યકાંતમાં

**(ક) મને ઓળખો હું કોણ?** **(૩)**

(૧) સરળતારહિત (૨) અળશીના ફૂલ (૩) મારી ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૦ સાગર અને અન્તર્મુહૂર્ત અધિક છે
(૪) કઠોર પરિણામી (૫) વચનગુપ્તિ યુક્ત (૬) છળપૂર્વક વર્તન કરનાર

**પ્રશ્ન:૫ અષ્ટપ્રવચન માતાને આધારે...** **[૧૫]**

**(અ) નીચેના પ્રશ્નના ઉત્તર આપો.** **(૧૩)**

(૧) માંડલાના કેટલા દોષ છે? કયા કયા? કઈ સમિતિનો કેટલામો ભેદ છે? (૩)
(૨) સાધુ પરઠતા પહેલા કોની આજ્ઞા લે છે? કેવી રીતે પરઠે? પરઠતા શું બોલે? (૨×૫)
(૩) રસ્તે ચાલતી વખતે કેટલા બોલ વર્જીને ચાલે? કાળથી ક્યારે ચાલે? શા માટે?
(૪) મન ગુપ્તિના દ્રવ્ય અને ભાવથી, વચન ગુપ્તિના ક્ષેત્રથી, કાય ગુપ્તિના કાળથી ભેદ લખો.
(૫) ચોથી સમિતિનું નામ લખો. પ્રતિલેખન શા માટે કરવાનું છે? કાળથી ભેદ લખો.
(૬) સાધુ કેટલા પ્રકારની ભાષા ન બોલે? કેવી ભાષા ન બોલે? ક્યારે જોરથી ન બોલે? કઈ સમિતિ છે?

**(બ) નીચેના વાક્યો અષ્ટ પ્રવચન માતામાં ક્યાં બંધબેસતા છે? તે જણાવો.** **(૨)**

(૧) કુમાર્ગ છોડી સુમાર્ગ (૨) રાગ – દ્વેષયુક્ત વચન ન બોલે
(૩) શુદ્ધિ – અશુદ્ધિ જોવી (૪) શું સરસ શાક બન્યું છે એમ ન બોલે

**પ્રશ્ન:૬ ભક્તામર સ્તોત્રના આધારે...** **[૧૫]**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

(૧) કુંદાવદાત્ ........... (૨) શુમ્ભ્રત્ ............ (૩) બુદ્ધસ્ત્વમેવ ............. (૪×૩)

**(બ) નીચેના પ્રશ્નના ઉત્તર આપો.** **(૩)**

(૧) ભામંડળ કેવું છે? કોને પરાજિત કરે છે? (૧)
(૨) ભગવાનની અલૌકિક વાણી કેવી છે? તે દર્શાવતી ગાથા લખો. (૨)

**અથવા**

**પ્રશ્ન:૫ કથાના આધારે...**

(૧) કેકયાર્ધ દેશમાં કઈ નગરી હતી? ત્યાંના રાજા કોણ હતા? રાણી તેમ જ યુવરાજનું નામ શું? (૨×૬)
(૨) પરદેશી રાજાએ કેશીસ્વામી સાથે કેવો વ્યવહાર કર્યો? કેશીસ્વામીએ તેનો શું જવાબ આપ્યો?
(૩) નારકી મનુષ્યલોકમાં કેમ આવી શકતા નથી?
(૪) ૪ વ્યવહારકર્તામાં વ્યવહારી કેટલા? અવ્યવહારી કેટલા? માત્ર સંખ્યા લખો.
પરદેશી વ્યવહારી કે અવ્યવહારી? શા માટે?
(૫) વૃક્ષને કોણ હલાવે છે? તે માટે કેશીસ્વામી અને પરદેશી રાજા વચ્ચે શું સંવાદ થયો?

(૬) જ્ઞાન કેટલા છે? છઠ્ઠા ગુણસ્થાને સાધુને કયા જ્ઞાન હોય?
કેશીસ્વામીએ પરદેશીના મનના ભાવ કયા જ્ઞાનથી જાણ્યા?

(૭) કેશીસ્વામીએ પરદેશીને શું ઉપદેશ આપ્યો? શેનું સ્વરૂપ સમજાવ્યું? પરદેશીને શું શ્રદ્ધા થઈ? (3)
તેમણે શું અંગીકાર કર્યું? કેવું જીવન જીવવા લાગ્યા? કાળ કરીને ક્યાં ઉત્પન્ન થયા?

**|| જય જિનેન્દ્ર ||**